بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

આજે પેલેસ્ટાઈનની ભૂમી પર અમેરિકા તથા તેના સાથી દેશોના સમર્થનથી ઈઝરાઈલના યહૂદીઓ થકી જુલ્મો સિતમના સર્વ રેકોર્ડો બ્રેક થઈ રહ્યા છે. મુસલમાનોના ક઼િબ્લાએ અવ્વલ બયતુલ મુક઼દ્દસની, મસ્જિદે અક઼સાની બેહુર્મતી થઈ રહી છે, પેલેસ્ટાઈની બાળકો, યુવાનો, સ્ત્રીઓની જબરદસ્તી ધરપકડો થઈ રહી છે, ખૂની હુમ્લા થઈ રહ્યા છે, તેમના ઘરોને તોડી પાડી તેમને હિજરત માટે ફરજ પાડવામાં આવી રહી છે એટલુ જ નહીં પેલેસ્ટાઈનના શહેરો, ગામડાંઓ તથા રેફયુજી કેમ્પો પર પણ હલ્લા બોલી રહ્યા છે, છતાં આજે સમગ્ર વિશ્વના દેશો તમાશાઈ બની જોઈ રહ્યા છે, માનવ અધિકારની વાતો કરનારા પણ પેલેસ્ટાઈની મુસ્લિમોના સંહારને ગંભીરતાથી નથી લઈ રહ્યા. સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો) પણ અમેરિકાની કઠપૂતળી હોય તેમ કોઈ કાર્યવાહી નથી કરી રહ્યું. અન્ય મુસ્લિમ દેશોમાં માનવઅધિકારની રક્ષા તથા લોકશાહી સ્થાપી ત્યાંની પ્રજાને અમ્ન અપાવવા તથા કહેવાતા જાલિમ સત્તાધીશોથી છોડાવવાના નામ પર અમેરિકા, બ્રિટન તથા સાથી દેશોએ લાખો મુસ્લિમ બાળકો, સ્ત્રીઓ, પુરૂષોના લોહીની નદીઓ વહાવી તથા ત્યાં ગૃહયુદ્ધો ઉભાં કરીને ત્યાંના લોકોનું જીવન અજીર્ણ કરી નાખ્યું, જ્યારે યહૂદી ઈઝરાઈલના થકી રોજ બરોજ થતા પેલેસ્ટાઈની મુસ્લિમો પર થતા જુલ્મો સામે સૌ ચૂપ છે ! કહેવાતા મુસ્લિમ દેશો પણ નામર્દ



બની ચૂપકીદી સાધી અમેરિકા બ્રિટનના ગુલામની જેમ વર્તી રહ્યા છે ! એવા સમયે આજે ઈસ્લામના એક મહાન મુજાહિદની યાદ આવી રહી છે કે જેણે બયતુલ મુક઼દ્દસ ક઼િબ્લાએ અવ્વલ મસ્જિદે અક્સાને (જે હવે ઈ.સ. ૧૯૬૭ થી યહૂદીઓના કબજામાં છે) ઈસાઈઓના કબજામાંથી મુક્ત કરાવ્યું હતું. આવો ! તે મર્દે મુજાહિદ સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી رحمۃ اللہ علیہના જીવન વૃત્તાંતની એક ઝલક નિહારી લઈએ અને તેમની ખૂબીઓને જોઈએ કે મહાન સુપર પાવર તાકતો સામે શાથી તે વિજેતા બન્યા ?! અને આજના સ્વાર્થી રાજકરણીઓના જીવનને જોઈએ કે કેટલા નીચ તથા સ્વાર્થી ખયાલો તેમના છે.

**બહાદુરી, દિલેરી તથા ઈબાદતગુઝારી અને નમ્રતામાં અજોડ જનરલ ! :** સલાહુદ્દીન ઐયૂબીની કાબેલિયતોના આપણા પરાયા સૌ પ્રશંસક છે. તે મુજાહિદે આ'ઝમ જેણે પોતાના મુજાહિદાના કિરદાર વડે ઈસાઈ જગતમાં તહેલકો મચાવી આપ્યો, અને ફ્રાંસ, ઈટાલી, જર્મની, નોર્વે, ડેન્માર્ક, સિસલી અને ઈંગ્લેન્ડના દરેક ચર્ચ તથા ઉમરાવોએ આપસના મતભેદો ભૂલાવી દીધા અને ઈસ્લામ તથા ઈસ્લામના એક મહાન જનરલની વિરૂદ્ધ છ લાખથી વધુ મસીહી એક થઈને મેદાનમાં આવી ગયા, પણ ઈસ્લામના આ ગર્વને પાત્ર સપૂતે મર્દાનાવાર મુક઼ાબલો કરીને બહાદુરી તથા દિલેરીનો એક નવો ઈતિહાસ રચી આપ્યો. સુલ્તાન ઐયૂબી ન કેવળ ઈસ્લામી ઈતિહાસ બલ્કે દુનિયાના ઈતિહાસના અતિ મશહૂર વિજેતાઓ તથા રાજકર્તાઓમાંથી છે. હિ.સ. પરરમાં વર્તમાન ઈરાક઼ના શહેર તિકરીતમાં પેદા થયા. તેમનો સંબંધ કુર્દ ક઼બીલાથી છે.

આપનું નામ યૂસુફ છે, પિતાનું નામ ઐયૂબ બિન શાઝી હતું. કુન્નિયત અબુલ મુઝફ્ફર અને લક઼બ મલિકુન્નાસિર છે, જ્યારે કે સૌથી પ્રખ્યાત લક઼બ જે હવે ઓળખ બની ચૂકયો છે તે સલાહુદ્દીન

છે. આપના પિતા નજમુદ્દીન ઐયૂબ એ સુલ્તાન અમાદુદ્દીન ઝંગી તથા તેમના મૃત્યુ બાદ તેમના પુત્ર નુરૂદ્દીન ઝંગીના ખાસ નિકટવર્તી લોકોમાંથી હતા. ઐયૂબી બચપન તથા નવયુવાનીના જમાનામાં પિતાની કેળવણી હેઠળ રહ્યા. કેમ કે શરૂથી જ નેકબખ્તી તથા બુધ્ધિ કૌશલ્યતાની અસરો દેખાતી હતી એટલા માટે સુલ્તાન નૂરૂદ્દીન ઝંગી ખૂબ જ પ્રેમભાવથી વર્તતા. ઐયૂબીએ નૂરૂદ્દીન કે જે ખૂદ ઉચ્ચ કક્ષાના આલિમે દીન તથા મહાન મુજાહિદ હતા તેમના થકી ઘણુ બધુ શીખ્યું, ઈબાદતગુઝારી, બહાદુરી, જેહાદનો તરવળાટ અને નેકીની ભાવનાઓ એ જ સોહબતનું ફળ છે.

**બયતુલ મુક઼દ્દસના વિજેતા** : તેમની જિંદગીનો હેતુ દીનનું એલાન હતો. તે જીવનભર ઈસ્લામના દુશ્મનોને માત કરવા માટે સતર્ક રહ્યા. મસ્જિદે અક઼્સાને યહૂદીઓના કબજાથી આઝાદ કરાવવાનું તેમનું મિશન હતું જેમાં અલ્લાહ તઆલાએ તેમને કામયાબી આપી. તેમણે પોતાના મોહસિન તથા મુરબ્બી સુલ્તાન નૂરૂદ્દીન ઝંગીના ખ્વાબને તેમના વિસાલ બાદ વાસ્તવિક્તાનું સ્વરૂપ આપ્યું.

સુલ્તાન ઝંગીએ સલાહુદ્દીનની કાબેલિયતોને મેહસૂસ કરતાં તેમને તેમના કાકા શેરકોહની સાથે મિસ્રની ચળવળ પર રવાના કર્યા, જેના પરિણામે ઈસાઈઓની હાર થઈ. વિજયી થયા બાદ છેવટે હિ.સ. ૫૬૫માં સુલ્તાન ઝંગીએ તેમને મિસરના વડા મંત્રી બનાવ્યા. હિ.સ. ૫૬૭માં મિસ્ર ફરીથી ખિલાફતે અબ્બાસિયાની સત્તા હેઠળ આવી ગયું તો તે વરસે બગદાદના ખલીફાએ ઐયૂબીની કાબેલિયતોનો સ્વીકાર કરતાં તેમને મિસર તથા શામ (સીરિયા)ની હુકૂમતનો પરવાનો આપ્યો અને સુલ્તાનનો ખિતાબ આપ્યો.

સ.હિ. ૫૬૯માં સુલ્તાન ઝંગીની વફાત પછી દમિશ્કના તખ્ત પર તેમનો પુત્ર મલિક સાલેહ તખ્તનશીન થયો પણ તે પોતાની



અક્ષમતાના કારણે સત્તા ન સંભાળી શકયો, છેવટે મુલ્કે શામ પર પણ સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીનો કબજો થઈ ગયો. એ જ વરસે યમન તથા હિજાઝમાં તેમની સત્તા સ્થપાઈ ગઈ.

આ સમય ઈસ્લામી જગત માટે ખૂબ જ નાઝુક હતો. યૂરોપના ઈસાઈઓએ સંયુક્ત શક્તિ વડે ભેગા મળીને મિસર તથા શામ પર હુમલો કર્યો. એ હુમ્લાના પ્રતિકારમાં સલાહુદ્દીન ઐયૂબીએ અડગતાથી મુક઼ાબલો કર્યો. બીજી બાજુ ફીદાઈઓ જેઓ છુપાઈને હુમ્લો કરતા અને મુસલમાનોના અમીરોને ક઼ત્લ કરવાને સવાબ જાણતા હતા તેમણે એવો ભારે તહેલકો મચાવી રાખ્યો હતો કે તે ફિદાઈઓથી લોકો ખૂબ જ ડરી ગયા હતા. એ જાલિમોએ સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીને પણ ક઼ત્લ કરવાની કોશિશ કરી, છતાં તે અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી બચી ગયા.

સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી મિસર, શામ, ઈરાક઼ તથા હિજાઝ પર કબજો કર્યા પછી યેરૂસલમની તરફ ધ્યાનિત થયા. સુલ્તાને લડાઈ શરૂ કરતાં પહેલાં સલીબી (ઈસાઈ)ઓ સમક્ષ ખૂબ જ સારી શરતો રાખી, પરંતું તેમણે એક વાત ન માની. છેવટે સુલ્તાને બયતુલ મુક઼દ્દસનો ઘેરાવ કરી લીધો. થોડાક જ દિવસોમાં ઘેરાયેલાઓએ દયાની દરખાસ્ત કરી. સુલ્તાને ઈસાઈઓને વતની તરીક઼ેના હક્ક઼ો આપીને પોતાની સત્તા હેઠળ રહેવાની ઈજાઝત આપી દીધી અને સલીબી સૈનિકોને હુકમ આપ્યો કે તેઓ ચાલીસ દિવસની અંદર બીવી બચ્ચાં સાથે બયતુલ મુક઼દ્દસથી નીકળીને તરાબુલ્સ ચાલ્યા જાય. તેમણે લશ્કરી સૈનિકો પર મામૂલી સરખો ફિદિયો લાગુ કર્યો હતો, પરંતું દસ હજાર સલીબી સૈનિકો તથા બાળ બચ્ચાંનો ફિદિયો ખૂદ પોતાની પાસેથી અદા કરીને તેમને જવાની ઈજાઝત આપી દીધી અને હજારોનો ફિદિયો માફ કરી આપ્યો. આ ફતહમાં ન ક઼ત્લેઆમ થઈ, ન તો કોઈ લૂટમાર, બલ્કે દુશ્મનો સાથે હમદર્દીનો

વર્તાવ કરવામાં આવ્યો.

એ જ પ્રમાણે હિ.સ. ૫૮૩ (ઈ.સ. ૧૨૮૭)માં ૮૮ વરસો પછી **બયતુલ મુક઼દ્દસ ફરીવાર મુસલમાનોના કબજામાં આવી ગયું. ત્યારબાદ "સાત સદીઓથી વધુ સમય સુધી" સતત લશ્કરી હુમ્લાઓ થવા છતાં આ પવિત્ર શહેર વર્તમાન ઈઝરાઈલી હુકૂમત સ્થાપિત થતાં સુધી મુસલમાનોના હાથોમાં રહ્યું.**

બયતુલ મુક઼દ્દસની ફતહનો હાલ સાંભળીને સમગ્ર યૂરોપ ખંડમાં એક કયામત છવાઈ ગઈ અને ઘરેઘર કોહરામ મચી ગયો. જેમ કે ફ્રાંસનો રાજા ફિલિપ, ઈંગ્લેન્ડનો રાજા રિચાર્ડ, જર્મનીનો રાજા ફેડરિક અને ઘણા નાના મોટા રાજાઓ, નવાબો તથા ઉમરાવોએ એકતા કરીને મહાન જબરદસ્ત લશ્કર સાથે સર્વ એશિયા ખંડને ફતહ કરીને ઈસ્લામનું નામો નિશાન મિટાવવાના ઈરાદાથી હુમ્લો કર્યો. ઈસાઈ મહાન ફોજોનું આ મોજાં મારતા સમુદ્ર જેવું લશ્કર એ રીતના ભપકા તથા ઠાઠમાઠ સાથે મુલ્કે શામ (સીરિયા) તરફ આગળ વધ્યું કે જાહેરી રીતે તો એવું જણાતુ હતું કે એશિયા ખંડની હવે ખૈર નથી ! પણ આશ્ચર્ય થાય છે કે સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીએ ચાર વરસો સુધી કેટલીયે લડાઈઓ લડીને ઈસાઈઓના આ કિનારા વિનાના સમુદ્ર જેવા લશ્કરને ખાકો ખૂનમાં મિલાવી આપ્યું અને પોતાની સામેથી ભગાડયું અને બયતુલ મુક઼દ્દસની દીવાલો સુધી તેને ન પહોંચવા દીધું. છેવટે નિષ્ફળ તથા નિરાશ ઈસાઈ રાજાઓ બેઈજ્જતી સાથે પરત થયા. છતાં સુલ્તાન સલાહુદ્દીને ઈસાઈઓને એ રાહત અર્પણ કરી કે જો તેઓ બયતુલ મુક઼દ્દસમાં કેવળ ઝિયારતના માટે આવે તો તેમને કોઈ જાતની રોકટોક કરવામાં નહીં આવે.



આ વર્ણવેલ લડાઈઓમાં સલાહુદ્દીને જે શરાફત તથા માનવતાનો વર્તાવ કર્યો તેમજ જે બહાદુરી તથા દિલેરી દાખવી એનું પરિણામ એ છે કે આજે પણ સમગ્ર યૂરોપ સુલ્તાન સલાહુદ્દીનને માન સન્માનની સાથે યાદ કરે છે અને તેમની બહાદુરી તથા શરાફતનો સ્વીકાર કરે છે, જ્યારે કે સુલ્તાન સલાહુદ્દીને જે સમગ્ર યૂરોપ ખંડના રાજાઓને તેમના એકમાત્ર હેતુ (બયતુલ મુક઼દ્દસના કબજા)માં નિષ્ફળ તથા નિરાશ કરીને પરત ભગાડયા હતા.

**ભલાઈનાં કામો** : ખુદાની મખ્લૂકની ભલાઈ તથા રાહતના માટે સુલ્તાને ઠેકઠેકાણે મુસાફિરખાના બનાવ્યાં, ભલાઈનાં કાર્યોમાં એટલા પ્રમાણમાં માલ વક્ફ કર્યો કે પૂર્વજ બુઝુર્ગોમાં એના દૃષ્ટાંતો ખૂબ જ ઓછાં જોવા મળે છે. કાહિરામાં અઝીમુશ્શાન શિફાખાનાઓ (હોસ્પિટલો) બનાવી, નહેરોની સફાઈ કરાવી અને દેશની કારીગરી કલા ઉદ્યોગોની સાથોસાથ ખેતીઓનો પણ ખાસ લેહાઝ રાખ્યો.

કાહિરામાં સલાહુદ્દીનની સ્થાપેલ હોસ્પિટલના બારામાં એક પ્રવાસી ઈબ્ને જરીર લખે છે : એ હોસ્પિટલ એક મહેલની જેમ જણાય છે જેમાં દવાઓનો ઘણો જ મોટો ભંડાર છે. તેણે સ્ત્રીઓની હોસ્પિટલ અને પાગલખાનાઓનો પણ ઉલ્લેખ કર્યો છે.

**જેહાદી વ્યવસ્થા** : દેશની રક્ષા અને ઈસ્લામના પ્રભાવના માટે તેમણે કુદની એક સુવ્યવસ્થિત ફોજ બનાવી. એ જ ફોજે ઈસાઈ સલીબી યોદ્ધાઓથી મુક઼ાબલો કરીને તેમની શક્તિને વેરવિખેર કરી નાખી હતી. જંગી જરૂરતના માટે કિલ્લા બંધાવ્યા, મિસરમાં જબલે મકતમ પર અને દમિશ્કમાં જામેઅ ઉમવીની પાસેના કિલ્લાઓ સલાહુદ્દીનની ક઼ાબેલિયતોની યાદગાર છે.

હિ.સ. ૫૬૭માં સુલ્તાન ઐયૂબીએ દરિયાઈ દળની તરફ ધ્યાન કર્યું જેથી સલીબીઓને ઈસ્લામી દેશોની હદો પ્રતિ ચડાઈ કરવાથી રોકવામાં આવી શકે. દરિયાઈ દળના સંચાલન માટે એક આખુ

ખાતુ સ્થાપ્યુ જેને દીવાને અસ્તૂલના નામથી ઓળખવામાં આવ્યું. આ ખાતાનો વડો સુલ્તાનનો ભાઈ મલિક આદિલ હતો.

**દરગુઝરવૃત્તિ તથા છૂટછાટની સ્થિતિ** : સુલ્તાનની મુરવ્વત (માણસાઈ) તથા દરગુઝરવૃત્તિની એ હાલત હતી કે બયતુલ મુક઼દસની ફતહ બાદ ઈસાઈઓના વડાઓ બયતુલ મુક઼દસની ઝિયારત (મુલાકાત) માટે આવતા તો સુલ્તાન ઐયૂબી તેમની સાથે સદ્‌વર્તાવથી વર્તતા, માફી તથા દરગુઝરથી કામ લેતા અને મહેમાનનવાઝી કરતા. એમાં દિલને ખુશ કરવાનો હેતુ હતો. સુલ્તાનના કિરદારની ઉચ્ચતાનો અંદાઝો એ બનાવ પરથી લગાડી શકાય છે કે ઈસાઈ ફોજનો વડો (રાજા રિચર્ડ) જે મુસલમાનોના કત્લેઆમમાં આગળ પડતો ભાગ ભજવનાર હતો તે બીમાર થઈ ગયો તો સુલ્તાન ઐયૂબીએ તેના માટે બરફ તથા ફળો મોકલ્યાં.

**રસૂલેપાક ﷺના સન્માનની રક્ષા** : એકવાર ઉર્દુનના ઈલાકા કુર્કના ઈસાઈ રાજા (રેજીનોલ્ડ)એ વચનભંગ (ક઼રાર) કર્યો, પોતાના વિસ્તારમાંથી પસાર થનારા હાજીઓના કાફલાને લૂટી લીધો અને કાફલાવાળાઓને કેદ કરી દીધા. જ્યારે તે હાજીઓએ ફરિયાદ કરી તો તેણે મઝાક ઉડાવતાં ખૂબ જ કટાક્ષની રીતે કહ્યું, ''ક્યાં છે તમારા મુહમ્મદ ?! હવે એમને બોલાવો કે તે આવીને તમને છોડાવી લે !''

સુલ્તાને એને ચેતવણી આપી પણ તેણે પરવા ન કરી, તો સુલ્તાને ક઼સમ ખાઈને વચન લીધું કે આ સુલેહ ભંગ કરનારા કાફિરને ખુદાએ ચાહ્યું તો મારા હાથે ક઼તલ કરીશ ! જેથી હતીનના જંગ (રબીઉલ આખર હિ.સ. ૫૮૩)થી ફારિગ થયા બાદ કુર્કના હાકિમ રેજીનોલ્ડને (જેને અરબ ઈતિહાસકારો અરનાતના નામથી યાદ કરે છે) બોલાવ્યો અને સુલ્તાને તેના ગુસ્તાખીપૂર્ણ શબ્દો યાદ



અપાવતાં કહ્યું, ''રસૂલુલ્લાહ ﷺના ખાદિમની હૈસિયતથી ઉમ્મતે મુસ્તફાની મદદ માટે હું હાજર છું !'' પછી પોતાની તલ્વાર મ્યાનમાંથી કાઢીને કેવળ એક ઝાટકો માર્યો અને તેને જહન્નમ રશીદ કરતાં કહ્યું, ''ગુસ્તાખે રસૂલનો આ જ અંજામ છે !''

**ઝોહદો તક઼્વાનો આલમ** : સુલ્તાન ઐયૂબીને માલ તથા દૌલત જમા કરવાના અસંખ્ય મોક઼ાઓ મળ્યા છતાં તેમણે દુનિયવી માલ સંપત્તિથી લાલચ ન વર્તી. આપ શણ તથા કોટનનો સાદો લિબાસ પહેરતા, સાદો ખોરાક તથા સાદી સવારીનો ઉપયોગ કરતા.

અત્યંત દયાળુ, સખી તથા હયાવાળા હતા. સતત વ્યસ્ત રહેતા હોવા છતાં હસમુખા તથા ખુશ અખ્લાક઼ હતા. દુનિયાથી તેમની બેરૂખીનો આલમ એ હતો કે હિ.સ. ૫૭૬માં જ્યારે ફાતમી ખિલાફતનો ખાત્મો થયો તો તેમનો સાઝો સામાન સુલ્તાન ઐયૂબીના હસ્તક આવ્યો, પણ તેમણે એમાંથી કાંઈ પણ ન રાખ્યું. અહીં ''તારીખે મિલ્લત''ના હવાલાથી એ સામાનનું વિગતવાર વર્ણન રજૂ કરવામાં આવે છે જે વાંચકો માટે દિલચસ્પીનો સબબ બનશે.

''કૈસારિયાના હોયુગે ત્યાંના ખજાનાઓ તથા જવાહિરાતનો જે અજીબો ગરીબ હાલ જોઈને જે વર્ણન કર્યું છે તેના પરથી ત્યાંની દૌલતનો કાંઈક અંશે અંદાઝો થઈ શકે છે. ખલીફા આઝિદના મૃત્યુ પર સલાહુદ્દીને તેના જવાહિરાતમાંથી એક ઝુમુર્રદ (લીલા રંગનો કિંમતી પથ્થર) જોયો જે બાર આંગળીઓ જેટલો હતો અને એક યાકૂત નજરથી ગુજર્યો જેનું નામ જબલે નૂર હતું. એ યાકૂતનું વજન અંગ્રેજી હિસાબથી ૨૪૦૦ કેરેટ હતું. એ યાકૂતનું ખૂદ ઈબ્ને અષીરે વજન કર્યું હતું. ફાતમીઓની દૌલત જે જવાહિરાત તથા ઝવેરાતના રૂપમાં હતી તે વરસો સુધી દષ્ટાંતરૂપ રહી.''

એ જ ખલીફાઓમાંથી એક ખલીફાના જવાહેરાતની યાદીમાં ખૂબ જ પ્રમાણમાં મોતીઓ તથા ઝુમુર્રદોની સંખ્યા વાંચવામાં આવે છે. એ જ રીતે બિલ્લોરના કોતરેલાં વાસણો, નક઼્શો તથા

કોતરકામની બનાવેલી ચીજો, સંદૂક વગેરે જેના પર જાત જાતના સોનાની કારીગરી હતી. ખુરશીઓ તથા રૂમોનો અન્ય સામાન, સુખ સગવડ સજાવટની ચીજો જે હાથીદાંત તથા સંદલ વગેરેની હતી તેનું વર્ણન જોવા મળે છે. શ્રેષ્ઠ પ્રકારના ચીનીના પ્યાલાઓ તથા સુરાહીઓ જેમાં કપૂર તથા મુશ્ક (કસ્તૂરી) ભરેલ રહેતું હતું, ફૌલાદના આઈના જેની ફ્રેમો સોના ચાંદીની હતી અને ફ્રેમોના કિનારાઓ પર ઝુમુર્રદ તથા હીરા જડેલા હતા. સંગે સમાક (માછલી જેવા કોતરેલ પથ્થર)ની મેજો, અસંખ્ય તાંબાના વાસણો જેના પર સોના ચાંદીનો ઢોળ ચઢાવેલ હતો. દીવાલના સોનેરી ભરતના રેશમી પર્દાઓ પર બાદશાહોના ચિત્રો સોનાથી બનેલ હતાં. આ સર્વ દૌલત જે સલાહુદ્દીનને મળી એમાંથી એક ચીજ પણ તેમણે પોતાની પાસે ન રાખી. કેટલીક ચીજો સુલ્તાન નૂરૂદીન જંગીની પાસે મોકલી આપી તો કેટલીક ચીજો પોતાના સાથીઓમાં વહેંચી આપી. કુતુબખાનામાં એક લાખ વીસ હજાર કલમી નુસ્ખા હતા, તે સર્વ કિતાબો તેમણે પોતાના વઝીર કાઝી ફાઝિલને ભેટ ધરી દીધી. બાકીનો સર્વ સામાન વેચીને એની કિંમત બયતુલ માલમાં દાખલ કરી દીધી જે સૌના લાભ માટે હતું."

હાફિઝ ઈબ્ને કષીરે ઈબ્ને અબી તયના હવાલાથી એક કુતુબખાનામાં કિતાબોની જે સંખ્યા વર્ણવી છે એના પરથી તેની વિશાળતાનો અંદાઝો થાય છે. લખે છે : "અહીં કિતાબોનો એક ખજાનો હાથ લાગ્યો ઈસ્લામી જગતમાં એનું દૃષ્ટાંત નથી મળતુ. એમાં લગભગ વીસ લાખ કિતાબો હતી. આશ્ચર્યની વાત એ છે કે એ એમાં "તારીખે તિબરી" એક જ કિતાબના બારસો વીસ નુસ્ખા પણ સામેલ હતા."

મુસ્લિમ ઉમ્મતના આ કાબેલ રહનુમા, ઉચ્ચ કક્ષાના રાજનીતિજ્ઞ, મહાન જનરલ, પ્રખ્યાત ફાતેહ અને દબદબાવાળા સુલ્તાને મિસર, સૂડાન, સીરિયા, ઉર્દુન, તરાબુલ્સ, લેબનાન,



પેલેસ્ટાઈન, યમન તથા હિજાઝ મુક઼દ્દસ પર હુકૂમત કરી. બયતુલ મુક઼દ્દસ ફતહ કર્યું **પરંતુ વફાત પછી તેમના છોડેલા માલમાં કેવળ એક દીનાર તથા છત્રીસ દિરહમ નીકળ્યા ! એના સિવાય કોઈ જાગીર, બાગ, મકાન, સોના ચાંદી અથવા કોઈ પણ જાતની જાયદાદના આપ માલિક ન હતા.**

**સીરત તથા કિરદાર :** સુલ્તાન સલાહુદ્દીન અતિશય નેક દિલ, આજીજીવાળા તથા સુસંસ્કારી માણસ હતા. રહમત તથા પ્રેમભાવનો જઝબો તેમનામાં કૂટી કૂટીને ભરાયેલો હતો. સંયમ તથા સહનશીલતા તેમના કિરદારની તરી આવતી ખૂબ હતી. ખાદિમો વિના સંકોચે આવીને તેમના ગાદલા સાથે બેસી જતા હતા. એકવાર તેમના એક ગુલામે તેમને લેખિત દરખાસ્ત પેશ કરી. તે વખતે તેમણે પોતાનો જમણો હાથ આરામ માટે ફેલાવેલો હતો. ગુલામ બેખયાલીમાં પોતાનો પગ તેમના હાથ પર રાખીને સાથોસાથ બેસી ગયો અને અર્ઝ કરી, આ દરખાસ્ત પર મંજૂરી લખી આપો. સુલ્તાન ચૂપ રહ્યા. જ્યારે ગુલામે વારંવાર આગ્રહ કર્યો તો સુલ્તાને કહ્યું, હાથ વડે લખું કે પગ વડે ?! ખાદિમે ચોંકીને પોતાનો પગ સુલ્તાનના હાથ પર જોયો તો ખૂબ જ શરમીંદો થયો, પણ સુલ્તાને તેને કાંઈ ન કહ્યું.

એક શખ્સે સુલ્તાન પર દાવો દાખલ કરી આપ્યો. એ દાવો પાયાહિન સાબિત થયો તો એ શખ્સ શર્મિંદો થયો, પણ સુલ્તાને તેને ઉમદા લિબાસ, એક ખચ્ચર તથા યોગ્ય રકમ તોહફામાં આપીને વિદાય કર્યો. હમેશાં અયોગ્ય ચર્ચાથી પરહેઝ કરતા, કદી પોતાના હાથે એવું ફર્માન જારી નથી કર્યું જેનાથી કોઈ મુસલમાનને દુઃખ પહોંચે.

તેમને જેહાદની સાચી લગન હતી. એકવાર તેમના નીચલા ભાગમાં ફોલ્લા પડી ગયા જેના કારણે આપ બેસીને ખાવા ખાય શક્તા ન હતા, પરંતુ એ હાલતમાં પણ જેહાદની સરગર્મીમાં ફરક

ન આવ્યો. સવારથી ઝહોર સુધી અને અસરથી મગરિબ સુધી સતત ઘોડાની પીઠ પર રહેતા ! તેમને ખૂદ આશ્ચર્ય થતુ હતું. અને મોટાભાગે કહ્યા કરતા હતા કે જ્યાં સુધી ઘોડાની પીઠ પર રહુ છું ત્યાં સુધી સઘળી તકલીફ જતી રહે છે અને તેના પરથી ઉતરતાં ફરીથી તકલીફ શરૂ થઈ જાય છે !

**ઈલ્મ તથા અદબથી લગાવ** : તેમના બચપનના હાલાત તથા તા'લીમી હાલતની અધિક વિગત નથી મળતી, અલ્બત્ત એમાં શક નથી કે તેમને ઈલ્મ તથા અદબથી ઘણી દિલચશ્પી હતી. હાફિઝ ઈબ્ને કષીર લખે છે, ''તેમને દીવાને હમાસા શરૂથી અંત સુધી સંપૂર્ણ યાદ હતું. ઈલ્મી ચર્ચાઓમાં ભાગ લેતા, કુર્આને કરીમ અને હદીષે પાકને સાંભળવું ગમતુ હતું અને તેને દરરોજ સાંભળતા, ત્યાં સુધી કે એકવાર જંગના મેદાનમાં જ્યારે કે તેમની ફોજ દુશ્મનના સામનામાં ઉભેલી હતી ત્યારે તેમણે એક મુહદ્દિષને દરખાસ્ત કરીને પોતાની ફોજની સફોમાંથી પસાર થતાં થતાં તેમના થકી મુબારક હદીષો સાંભળી. ઉલમા તથા સાલેહીન સાથે મહોબ્બત હતી, તેમની મજલિસોમાં બેસતા અને તેમની સાથે સદ્‌વર્તાવ કરવાને ખુશનસીબી સમજતા.

મિસરમાં જ્યારે શીઆ ફાતમી ખલીફાઓની સત્તા હતી ત્યારે તેઓને મદ્રસાઓથી કોઈ દિલચસ્પી ન હતી, એટલા માટે તેમના જમાનામાં મિસર મદ્રસાઓથી લગભગ ખાલી હતું. સૌ પ્રથમ સુલ્તાન સલાહુદ્દીને અહીં મદ્રસા સ્થાપ્યા. એ જ પ્રમાણે બયતુલ મુક઼દસ, દમિશ્ક વગેરેમાં મદ્રસાઓ તથા ખાનક઼ાહો સ્થાપી અને તેમની વ્યવસ્થા તથા સંચાલનના માટે જાયદાદો વક઼્ફ કરી આપી. નિખાલસતા તથા બેનફસીનો એ આલમ હતો કે કોઈ મદ્રસાને પોતાના નામ સાથે સંબંધિત ન કર્યો, સર્વ ભલાઈનાં કામો અલ્લાહની રઝા માટે અંજામ આપતા.

**ઈબાદતનો શોખ** : સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી મુજાહિદાના



પ્રવૃતિઓમાં વ્યસતતા છતાં ઈબાદતના શોખથી લબરેઝ હતા. હમેશાં નમાઝ બાજમાઅત અદા કરતા. મૃત્યુથી પહેલાં લાંબા અરસા સુધી આપની કદી જમાઅત છૂટી નથી, ત્યાં સુધી કે મૃત્યુવેળ ાની બીમારીમાં પણ બાજમાઅત નમાઝથી મેહરૂમ નથી રહ્યા. એક ઈમામની ડયૂટી હતી કે તે તેમના હુજરામાં આવીને જમાઅત કરાવી આપતા અને કમજોરી તથા અશક્તિ છતાં તકલીફ ઉઠાવીને ઉભા થઈને નમાઝ પઢતા. દીન તથા દીનની નિશાનીઓની ખૂબ જ તા'ઝીમ કરતા અને નરમ દિલ તથા ખૌફે ખુદામાં ખૂબ જ પ્રમાણમાં આંસૂ વહાવનારા હતા.

**અઝાનની સાથે દુરૂદો સલામ પઢવાનો હુકમ** : ઈમામ શઅરાની લખે છે : ''આદિલ બાદશાહ સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીએ મોઅઝ્ઝિનને રસૂલે કરીમ ﷺ પર સલાતો સલામ પઢવાનો હુકમ ફર્માવ્યો અને આ હુકમ દેશના સર્વ શહેરો, ગામડાંઓ તથા ક઼સ્બાઓમાં રહેનારાઓ માટે આમ હતો. અલ્લાહ તઆલા એમને જઝાએ ખૈર અતા ફર્માવે.''

**સુલ્તાને મેળવેલા વિજયો** : સુલ્તાન ઐયૂબીના વિજયોની લાંબી યાદી છે. એમનું નામ ફતહ તથા મદદનું ઉપનામ હતું, જે તરફ પણ રુખ કરતા કામયાબી તેમનાં ક઼દમ ચૂમતી. તેમણે મિસર, દમિશ્ક઼, હલબ, બઅલ્બલ્ક, બૈરૂત, મગરિબ, હિજાઝ, યમન, અલ્કુદસ તથા ઈસાઈઓના કેટલાયે ઈલાકાઓ અને સાઈઠ કિલ્લા ફતહ કર્યા. જો અધિક થોડોક અરસો જીવંત રહેત તો પૂર્વ તથા પશ્ચિમ, નજીક તથા દૂરના સર્વ ઈલાક઼ાઓ પર કબજો કરીને આખી દુનિયા ફતહ કરી લેત.

**વિસાલ** : હિ.સ. ૫૮૯ના સફરની મધ્યમાં સુલ્તાન ઐયૂબીને તાવ, કમરો થયો અને રોજબરોજ અશક્તિ વધતી ગઈ, છેવટે ૨૪ વરસો પૂરા જાહોજલાલ તથા શાન બાન સાથે હુકૂમત કર્યા બાદ ૨૭ સફર હિ.સ. ૫૮૯માં ૫૭ વરસની ઉમરમાં ઈસ્લામનો

આ મહાન સિપેહ સાલાર પોતાના માલિકે હક઼ીક઼ીની બારગાહમાં પહોંચી ગયો. વિસાલની રાત્રે શયખ અબૂ જઅફરને પાસે બેસાડી લીધા કે કુર્આને કરીમની તિલાવત કરતા રહે. તેમનું બયાન છે કે જયારે મેં આયત પઢી :
هُوَ اللّٰهُ الَّذِىْ لَا اِلٰهَ اِلَّا هُوَ عَالِمُ الْغَيْبِ وَ الشَّهَادَةِ هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ
ત્યારે સુલ્તાને કહ્યું કે, હા ! ખરેખર અલ્લાહની આ જ શાન છે. એ જ અરસામાં ફજરની અઝાન થઈ ગઈ. સુલ્તાન અંતિમ શ્વાસો પર હતા એવામાં ક઼ારીએ પઢયું لَا اِلٰهَ اِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ તો સુલ્તાનનો ચહેરો નૂરથી ચમકી ઉઠયો અને મુસ્કુરાતાં મુસ્કુરાતાં અલ્લાહને પ્યારા થઈ ગયા.

**સુલ્તાન ઐયૂબીના વિસાલનો બનાવ મુસલમાનો માટે એટલો તકલીફ઼દાયક તથા મુસીબતભર્યો હતો કે ઈસ્લામ તથા મુસલમાનો પર ખુલફ઼ાએ રાશિદીનના વિસાલ પછી આવો પીડાજનક મોક઼ો કદી નથી આવ્યો.** સુલ્તાનના વિસાલ પર કોહરામ મચી ગયો અને આહો તથા દર્દની એવી દિલદ્રાવક ચીખો સાંભળવા મળી કે લાગતું હતું કે પૂરી દુનિયા રડી રહી છે. દરેક એવું કહી રહ્યો હતો કે કાશ ! અમે અમારી ઔલાદ તથા ઘરવાળાંઓ સહિત સુલ્તાન પર ફિદા થઈ જઈએ.

ઈબ્ને ખલ્કાન કહે છે, મારો ખયાલ હતો કે આવા પ્રસંગે આ પ્રકારના શબ્દો કેવળ રસ્મી હોય છે પરંતુ સુલ્તાનના મૃત્યુના દિવસે તેમની હક઼ીક઼તનો પતો લાગ્યો અને યક઼ીન થઈ ગયું કે આ કેવળ લફ઼્ફ઼ાઝી નથી, જો ફ઼િદિયો ક઼બૂલ કરવામાં આવે તો લોકો સુલ્તાનના માટે પોતાનું તન મન નિછાવર કરી આપે.

એ જ દિવસે ઝહોરની નમાઝ બાદ ક઼ાઝી ઈબ્નુલ ઝકીએ જનાઝો પઢાવ્યો અને ક઼િલ્લામાં આવેલા તેમના નિવાસસ્થાનમાં દફ઼નવિધિ થઈ. ત્રણ વરસો પછી આશૂરાના દિવસે (હિ.સ. ૫૯૨)ના રોજ તેમનુ તાબૂત કાઢીને જામેઅ મસ્જિદ ઉમવીના ઉત્તર બાજુ તબદીલ



કરવામાં આવ્યું એમના સાહબઝાદા મલિક અફ઼ઝલ નૂરુદ્દીન અલીએ એના પર રોઝા મુબારક બંધાવ્યો. કહેવામાં આવે છે કે સુલ્તાન ઐયૂબીની સાથે જ તેમની તલ્વાર પણ દફ઼ન કરવામાં આવી જેના સાથ વડે તેમણે દીનના દુશ્મનોનો સફ઼ાયો કર્યો હતો. આપની ગણના અવલિયાએ કિરામમાં થાય છે. અમુક સાલેહ લોકોએ ખ્વાબમાં જોયું કે હુઝૂર ﷺએ પોતાના સહાબાએ કિરામની એક જમાઅતની સાથે સલાહુદ્દીનની ક઼બ્ર પર તશરીફ઼ લાવીને પોતાના મુજાહિદ ગુલામને સરફ઼રાઝ ફ઼ર્માવ્યા. બયતુલ મુક઼દ્દસનો ફ઼ાતેહ જ્યાં આરામ ફ઼ર્માવે છે એનાથી થોડા જ અંતરે એ જ બયતુલ મુક઼દ્દસ આજે યહૂદીઓના કબજામાં છે. મસ્જિદે અક઼સાની દરોદીવાર આજે ફરીથી કોઈ ઐયૂબીની રાહ જોઈ રહી છે. અલ્લાહ તઆલા આ હાલથી બેહાલ ઉમ્મત પર કરમ ફ઼ર્માવે. *(માહનામા નૂરુલ હબીબ, ફ઼ેબ્રુઆરી–૨૦૧૪, પાક.)*

### ★ ક્યાં ઐયૂબી અને ક્યાં આજના મુસ્લિમ ગૈરમુસ્લિમ સત્તાધારીઓ ?! ★

સુલ્તાન ઐયૂબીએ કેવળ અને કેવળ દીન તથા ક઼ૌમની લાગણીને લક્ષમાં રાખીને ફક્ત અલ્લાહને રાજી કરવાની નિય્યતે તક઼વા પરહેઝગારી સાથે શરીઅતની પાબંદી સાથે ફ઼ક઼ીરી જીવન ગુજાર્યું અને જીવનભર ઈસ્લામના દુશ્મનો સામે જદ્દો જેહદ, જંગો તથા જેહાદો કર્યા અને ઈસ્લામ તથા મુસ્લિમોનો એક દબદબો તથા પ્રભાવ ગૈરો પર એવો બેસાડી આપ્યો કે મુસલમાનો સામે જંગે ચડવાની સર્વ હિમ્મતો તેમની ખતમ કરી નાખી હતી. ઈ.સ. ૧૨૮૭માં બયતુલ મુક઼દ્દસને ફ઼તહ કર્યું જે સેંકડો વરસ મુસલમાનોના કબજામાં રહ્યું, પરંતુ પાછળથી ક્રમે ક્રમે દુનિયાના પૂજારી તથા અય્યાશ રાજકર્તાઓ છેવટમાં જનમ્યા અને અંગ્રેજોના સહકારથી તુર્કી ઉષ્માની હુકૂમત સામે બગાવત કરનાર નજદી વહાબી સઊદીઓ જનમ્યા જેમણે મુસ્લિમોની તાક઼તના ટુકડા કરી

નાખ્યા જેના કારણે અમેરિકા બ્રિટનના સહકારથી ભટકતી થઈ ગયેલી નબીની દુશ્મન ક઼ૌમ યહૂદીના ઈઝરાઈલ રાજ્યની સ્થાપ્ના થઈ ગઈ અને ઈ.સ. ૧૯૬૭માં બયતુલ મુક઼દસ પણ મુસ્લિમોના હાથોએથી ગયું. અને આજે એ જ ઈઝરાઈલ થકી પેલેસ્ટાઈનીઓ પર થતા જુલ્મોની દાસ્તાનનાં રોજ નવાં નવાં પરાક્રમો આપણે જોઈ રહ્યા છીએ. સઊદી રાજાઓની અય્યાશીઓની દાસ્તાનો પણ જગ જાહેર છે. શાહ ફહદના હરમમાં લગભગ ૩૫૦ સ્ત્રીઓ દાખલ હતી તથા આ નજદીઓ નબી પાક صلى الله عليه وسلمની ગુસ્તાખી કરવામાં જગમશ્હૂર છે. અરબમાંથી નીકળતા તેલના તેઓ માલિક બની બેઠા છે અને ઠેર ઠેર તેમની મિલ્કતો તથા વિશાળ મહેલો બનેલા છે. તેમની ઔલાદની અય્યાશીઓના કિસ્સા પણ બહાર આવતા જ રહે છે. તે ઉપરાંત અન્ય મુસ્લિમ દેશોના રાજાઓ શરાબ, સુંદરી અને માલની મહોબ્બતમાં ગિરફતાર જોવા મળ્યા, જેથી જ તેમની પડતીની દાસ્તાનો જગ મશ્હૂર છે. તેમજ દેશ વિદેશના આજના રાજકરણીઓ, સત્તાધારીઓ પણ એવી જ જિંદગી જીવી રહ્યા છે, જેમના વ્યભિચારના તથા લાંચોના તથા ગૈર કાયેદસર માલ જમા કરવાના એવા કૌભાંડો બહાર પડતાં રહે છે કે દુનિયા શરમ! શરમ ! પોકારી ઉઠે છે. અંતમાં દુઆ છે કે રબ્બે કરીમ પેલેસ્ટાઈન તથા અન્ય મુસ્લિમ દેશો પર રહમ ફર્માવે અને સુલ્તાન ઐયૂબી જેવા મુજાહિદો પેદા કરી આપે જે બગડી ગયેલ બાજીને સુધારીને અમ્નો શાંતિનો પરચમ લહેરાવે. (આમીન)

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, માર્ચ–૨૦૧૪, તંત્રી લેખ)*



## બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

**ઈલ્મે શરીઅત**ની રોશનીથી અંધકારમય દિલોને ઝગમગાવવા માટે, દીન તથા સુન્નિયતની મહોબ્બતનો ચિરાગ દિલોમાં રોશન કરવા માટે, ઈશ્કે મુસ્તફા صلى الله عليه وسلم ની મીઠાશથી દિલોની દુનિયાને તરબતર કરી પ્યારા મુસ્તફા صلى الله عليه وسلم ની દીવાનગીમાં તડપાવવા માટે, મઝહબે હક્ક **અહલે સુન્નત વ જમાઅત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો બજાવવા માટે **''બરકાતે ખ્વાજા''** માસિક આપની સેવામાં હાજર છે.

★ **''બરકાતે ખ્વાજા''** માસિકના **ગ્રાહક બનો** તથા **બનાવો.**

★ **''બરકાતે ખ્વાજા''** માસિકના **આજીવન ગ્રાહક** કે **પેટ્રન** બની બનાવીને સહકાર કરશો.

★ **કરન્ટ ઈસ્યૂ** પર તેમજ **દીની મસાઈલ** પર સચોટ હવાલાવાળા લેખો મોકલીને સહકાર કરશો.

### ★ લવાજમ ★

| | | | |
|---|---|---|---|
| ★વાર્ષિક લવાજમ | રૂા. ૧૫૦ | ★ વિદેશ માટે | £ 15 |
| ★આજીવન | રૂા. ૪૦૦૦ | ★ પેટ્રન ફી | રૂા.૧૮૦૦ |
| ★વિદેશ માટે આજીવન £ | 250 | ★ વિદેશ માટે પેટ્રન | £ 150 |

### ★ સંપર્ક સરનામુ ★

**બરકાતે ખ્વાજા (માસિક)**, C/o. ઈસ્લામિક વેલ્ફેર મિશન,
ફય્ઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ગુજરાત (ઈન્ડિયા)
✆ : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧,
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧